T-20 વર્લ્ડકપ | આજની મેચ | દ.આફ્રિકા v/s અફઘાનિસ્તાન ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ અમદાવાદ | ઓસ્ટ્રેલિયા v/s આયર્લેન્ડ ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કોલંબો | ઇંગ્લેન્ડ v/s વેસ્ટઇન્ડિઝ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ મુંબઈ

# પાકિસ્તાને નાક લીટી તાણી બહિષ્કાર પાછો ખેંચ્યો

**મિત્ર** દેશોની વિનંતીને ધ્યાનમાં રાખીને અને ક્રિકેટની ભાવનાને સુરક્ષિત રાખવા આ નિર્ણય લેવાયોઃ પાકિસ્તાન સરકાર

**હવે** તમામ અવરોધો દૂર થઈ ગયા છે, 15 ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાન હાઈ વોલ્ટેજ મેચ રમાશે



ઈસ્લામાબાદ-ઢાકા, તા. 9 (પીટીઆઈ): T20 વર્લ્ડકપ 2026માં ભારત સામેની હાઈ-વોલ્ટેજ મેચમાં પાકિસ્તાન રમશે કે નહીં તે અંગે ચાલી રહેલી અનિશ્ચિતતાનો આખરે અંત આવ્યો છે. બાંગ્લાદેશના સમર્થનમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની ધમકી આપ્યા બાદ, પાકિસ્તાન સરકારે હવે સત્તાવાર રીતે પોતાની ટીમ મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકા અને બાંગ્લાદેશના હસ્તક્ષેપ બાદ આ મડાગાંઠ ઉકેલાઈ છે.

પાકિસ્તાન સરકારે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કેઃ 'બહુપક્ષીય ચર્ચાઓમાં પ્રાપ્ત થયેલા પરિણામો અને મિત્ર દેશોની વિનંતીને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાન સરકાર પાકિસ્તાન ક્રિકેટ ટીમને ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં ભારત સામેની તેની નિર્ધારિત મેચ માટે મેદાનમાં ઉતરવાનો નિર્દેશ આપે છે. આ નિર્ણય ક્રિકેટની ભાવનાને સુરક્ષિત રાખવા લેવામાં આવ્યો છે.'

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના વડા અમીનુલ ઈસ્લામે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે ચર્ચા કરી હતી અને રમત જગતના હિતમાં મેચ રમવા વિનંતી કરી હતી. અગાઉ, સુરક્ષાના કારણોસર ભારતમાં રમવાનો ઇનકાર કરતા બાંગ્લાદેશને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યું હતું અને તેના સ્થાને સ્કોટલેન્ડનો સમાવેશ કરાયો હતો.

આ પહેલાં સોમવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવીએ આ મુદ્દે ICC સાથે લાંબી મંત્રણા કરી હતી. ICCએ સ્પષ્ટ કર્યું છે કે ભારત સામે રમવાનો ઇનકાર કરવા બદલ બાંગ્લાદેશ પર કોઈ આર્થિક કે વહીવટી દંડ લાદવામાં આવશે નહીં. ICC દ્વારા પ્રતિબંધો લાદવાની ચર્ચાઓ વચ્ચે નક્વીએ આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કેઃ 'તમે જાણો છો કે અમે આ ધમકીઓથી બિલકુલ ડરતા નથી. દરેક વ્યક્તિ અમારા ફિલ્ડ માર્શલ (આસિમ મુનીર)ને ઓળખે છે. અમે કોઈપણ પ્રકારના પ્રતિબંધો વિશે ચિંતિત નથી.' નક્વીએ ભારત સાથે દ્વિપક્ષીય શ્રેણી અને બાંગ્લાદેશ સાથે ત્રિ-કોણીય શ્રેણી ફરી શરૂ કરવાની માંગણીઓ પણ મૂકી છે.

આમ હવે તમામ અવરોધો દૂર થઈ ગયા છે અને પાકિસ્તાની ટીમ 15 ફેબ્રુઆરીએ મેદાનમાં ઉતરવા માટે સજ્જ છે. આ સમાચારથી ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, કારણ કે આ મેચ ટૂર્નામેન્ટની સૌથી મોટી મેચ માનવામાં આવે છે.

### સોહાર્દપૂર્ણ ઉકેલ બદલ BCCIએ ICCનો આભાર માન્યો

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ બોર્ડના (BCCI) ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ ટી-20 વર્લ્ડકપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાનના મેચ બહિષ્કારના મુદ્દે 'બહુ સરસ ઉકેલ' બદલ ICCની પ્રશંસા કરી છે. બાંગ્લાદેશ અને શ્રીલંકાના આગ્રહ બાદ પાકિસ્તાન સરકારે બહિષ્કાર પાછો ખેંચ્યો લીધો છે, જેનો અર્થ છે કે ભારત-પાકિસ્તાન મેચ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે. શુક્લાએ આ સફળતા બદલ ICC અધ્યક્ષ જય શાહ અને અન્ય પદાધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ નિર્ણય ક્રિકેટના હિતમાં ખૂબ મહત્વનો છે અને તેનાથી વિશ્વકપની સફળતામાં વધારો થશે. તેમણે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ચાલુ રહેવું જોઈએ અને તે તમામ પક્ષો માટે સૌથી મહત્વપૂર્ણ છે.

# યુએઈને 10 વિકેટે કચડી ન્યૂઝીલેન્ડનો શાનદાર વિજય

**યુએઈએ** આપેલા 174 રનના લક્ષ્યાંકને ન્યૂઝીલેન્ડે 15.2 ઓવરમાં મેળવ્યો

**ટી-20** વર્લ્ડકપમાં યુએઈએ પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો

ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ): ટીમ સીફર્ટ (અણનમ 89) અને ફિન એલનની (અણનમ 84) તોફાની ઇનિંગ્સ તેમજ બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે 92 બોલમાં થયેલી 175 રનની રેકોર્ડ ભાગીદારીની મદદથી ન્યુઝીલેન્ડે ટી-20 વર્લ્ડપમાં યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ)ને 10 વિકેટે કચડી નાખ્યું હતું. ન્યુઝીલેન્ડે માત્ર 15.2 ઓવરમાં કોઈ પણ નુકસાન વિના 175 રન બનાવી સતત બીજી જીત નોંધાવી હતી. અગાઉ તેણે અફઘાનિસ્તાનને હરાવ્યું હતું. સીફર્ટે 42 બોલમાં 12 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે એલને 50 બોલમાં 5 છગ્ગા અને 5 ચોગ્ગા સાથે પોતાની કારકિર્દીના 100 આંતરરાષ્ટ્રીય ટી-20 છગ્ગા પણ પૂરા કર્યા હતા. આ 175 રનની ભાગીદારી ટી-20 વિશ્વકપના ઇતિહાસમાં કોઈપણ વિકેટ માટે સર્વશ્રેષ્ઠ ભાગીદારી બની ગઈ છે.

અગાઉ, ટોસ જીતીને બેટિંગ કરતા UAEએ 6 વિકેટે 173 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો, જે આ ફોર્મેટના વિશ્વકપમાં તેમનો સર્વોચ્ચ સ્કોર છે. કેપ્ટન મોહમ્મદ વસીમે 45 બોલમાં 66 રન અને અલીશાન શરાફુએ 47 બોલમાં 55 રન ફટકારી બીજી વિકેટ માટે 107 રન જોડ્યા હતા. ન્યુઝીલેન્ડ તરફથી મેટ હેનરીએ છેલ્લી ઓવરમાં બે વિકેટ ઝડપી હતી, જ્યારે ડફી, ફર્ગ્યુસન, સેન્ટનર અને ફિલિપ્સને એક-એક સફળતા મળી હતી. ન્યુઝીલેન્ડના બેટ્સમેનોએ પાવરપ્લેમાં જ 78 રન ઝૂડીને મેચ પર પકડ બનાવી લીધી હતી અને 28 બોલ બાકી રહેતા એકતરફી જીત મેળવી હતી.

### સીફર્ટ-એલનની રેકોર્ડબ્રેક ભાગીદારી

- 175: ટિમ સીફર્ટ અને ફિન એલનની 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપમાં ન્યુઝીલેન્ડની પ્રથમ વિકેટ માટેની સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે લૌ વિન્સેન્ટ અને મેક્કુલમ વચ્ચેની 68 રનની ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો છે.
- 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપમાં ન્યુઝીલેન્ડની કોઈપણ વિકેટ માટેની સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે ફિલિપ્સ અને ગુપ્ટિલ વચ્ચેના 105 રનના રેકોર્ડને તોડ્યો છે.
- 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપના ઇતિહાસમાં કોઈપણ વિકેટ માટેની (તમામ દેશોમાં) સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે ઇંગ્લેન્ડના જોસ બટલર અને એલેક્સ હેલ્સ વચ્ચેના 170 રનના રેકોર્ડને તોડ્યો છે.
- 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-૨૦ વર્લ્ડકપમાં પ્રથમ વિકેટ માટેની પણ સૌથી વધુ રનની ભાગીદારી છે. અગાઉનો 170 રનનો રેકોર્ડ ઇંગ્લેન્ડના એલેક્સ હેલ્સ અને જોસ બટલરના નામે હતો.
- 175: આ 175 રનની ભાગીદારી ન્યુઝીલેન્ડ માટે ટી-20 ઇન્ટરનેશનલમાં પ્રથમ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી છે. તેમણે ગુપ્ટિલ અને વિલિયમસન વચ્ચેના 171 રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

# નેધરલેન્ડે નામીબિયાને 7 વિકેટે હરાવ્યું

**નેધરલેન્ડના** બાસ ડી લીડેનું ઓલરાઉન્ડ પ્રદર્શન, બે વિકેટ લીધા બાદ અણનમ 72 રન બનાવ્યા

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): બાસ ડી લીડેના 48 બોલમાં અણનમ 72 રન અને બે વિકેટની મદદથી નેધરલેન્ડ્સે ટી-20 વિશ્વકપના ગ્રુપ-એના મુકાબલામાં મંગળવારે અહીં નામિબિયાને સાત વિકેટે હરાવ્યું છે.

ટોસ જીતીને નામિબિયાને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યા બાદ નેધરલેન્ડ્સના બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને તેને આઠ વિકેટે 156 રન પર રોકી દીધું હતું. ડી લીડેએ અને લોગાન વાન બીકે બે-બે વિકેટ ઝડપી હતી. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નેધરલેન્ડ્સની ટીમે ડી લીડેની શાનદાર ઇનિંગની મદદથી 18 ઓવરમાં ત્રણ વિકેટે 159 રન બનાવી લીધા હતા. ડી લીડેએ પોતાની ઇનિંગમાં પાંચ ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા અને કોલિન એકરમેન (28 બોલમાં 32 રન) સાથે ત્રીજી વિકેટ માટે 70 રનની ભાગીદારી કરી હતી. તેના ઓલરાઉન્ડ પ્રદર્શન માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' પસંદ કરવામાં આવ્યો હતો. પ્રથમ રમવા ઉતરેલી નામિબિયા માટે લોફ્ટી ઇટોને 42 રન અને જાન ફ્રાયલિંકે 30 રન બનાવ્યા હતા, જ્યારે સ્પિનર આર્યન દત્તે પણ કરકસરયુક્ત બોલિંગ કરીને એક વિકેટ ઝડપી હતી.

# યુએસએ સામે પાકિસ્તાને બનાવ્યા 190 રન

**સાહિબઝાદા** ફરહાનની આક્રમક અડધી સદી વેન શ્કાલ્કવિકે ફરી શાનદાર બોલિંગ કરી 4 વિકેટ ઝડપી

કોલંબો, તા. 10 (પીટીઆઈ): સાહિબઝાદા ફરહાનની આક્રમક અડધી સદીની મદદથી પાકિસ્તાને મંગળવારે અમેરિકા (યુએસએ) સામે ગ્રુપ-એની મેચમાં 9 વિકેટે 190 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમની શરૂઆત સારી રહી હતી, પરંતુ છઠ્ઠી ઓવરમાં ઝડપી બોલર શેડલી વાન શ્કાલ્કવિકે (4 વિકેટ) સૈમ અય્યુબ અને કેપ્ટન સલમાન આઘાને આઉટ કરીને પાકિસ્તાનની રનગતિ પર બ્રેક લગાવી દીધી હતી.

ત્યારબાદ બાબર આઝમ (46) અને ફરહાન (73) વચ્ચે ત્રીજી વિકેટ માટે 81 રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી. ફરહાને માત્ર 27 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી અને તેની તાકાતવર બેટિંગને કારણે બાબરને ક્રીઝ પર સેટ થવાનો સમય મળ્યો હતો. બાબરે શરૂઆતમાં ધીમી રમત રમી હતી, પરંતુ બાદમાં લય પકડી હરમીત સિંહની ઓવરમાં આક્રમક શોટ્સ ફટકાર્યા હતા. અંતિમ ઓવરોમાં ઓલરાઉન્ડર શાદાબ ખાને પણ 12 બોલમાં 30 રનની તોફાની ઇનિંગ રમી ટીમને 190 સુધી પહોંચાડી હતી. અમેરિકા તરફથી મિલિંદ કુમાર અને સંજય કૃષ્ણમૂર્તિએ શાનદાર કેચ પકડી પાકિસ્તાનના મોટા સ્કોરને રોકવા પ્રયાસ કર્યો હતો.

### અમદાવાદમાં આજે દ. આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રસાકસી જામશે

અમદાવાદ, તા. 10 (પીટીઆઈ): ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ મેચમાં હાર્યા બાદ, અફઘાનિસ્તાન માટે બુધવારે દક્ષિણ આફ્રિકા સામેનો મુકાબલો 'કરો યા મરો' જેવો બની રહેશે. ગ્રુપ-ડીમાં દક્ષિણ આફ્રિકા કેનેડા સામેની મોટી જીત અને +2.850 ના મજબૂત નેટ રન રેટ સાથે ટોચ પર છે, જ્યારે અફઘાનિસ્તાન નેગેટિવ રન રેટ સાથે ત્રીજા સ્થાને હોવાથી તેના માટે જીત અનિવાર્ય છે. ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનની હાજરીને કારણે આ ગ્રુપને 'ગ્રુપ ઓફ ડેથ' નામ મળ્યું છે. અફઘાનિસ્તાને ન્યુઝીલેન્ડ સામે ગુલબદિન નાયબના 63 રનની મદદથી 182 રન બનાવ્યા હતા, પરંતુ નૂર અહમદ જેવા સ્પિનરને બહાર રાખવાનો નિર્ણય તેમને ભારે પડ્યો હતો. કેપ્ટન રાશિદ ખાન પણ અપેક્ષિત પ્રદર્શન કરી શક્યો નહોતો. બીજી તરફ, દક્ષિણ આફ્રિકા આત્મવિશ્વાસથી ભરપૂર છે.

### મુખ્ય બોલરોની ગેરહાજરી છતાં આયર્લેન્ડ સામે ઓસ્ટ્રેલિયા ફેવરિટ

કોલંબો, તા. 10 (પીટીઆઈ): તાજેતરના નબળા ફોર્મ અને મુખ્ય ફાસ્ટ બોલરોની ઈજા છતાં, ઓસ્ટ્રેલિયાની ટીમ બુધવારે આયર્લેન્ડ સામે રમાનારા ટી-20 વર્લ્ડકપના મુકાબલામાં જીત માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ ઈજાના કારણે બહાર છે, જ્યારે મિચેલ સ્ટાર્કે આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેમની ગેરહાજરીમાં નાથન એલિસ પેસ આક્રમણનું નેતૃત્વ કરશે, જોકે તે પણ હેમસ્ટ્રિંગની સમસ્યા બાદ પુનરાગમન કરી રહ્યો છે. શ્રીલંકાની સ્પિન-અનુકૂળ પિચો પર અનુભવી લેગ સ્પિનર એડમ ઝમ્પા ઓસ્ટ્રેલિયાની આશાઓ માટે નિર્ણાયક સાબિત થશે. ઓસ્ટ્રેલિયાનું બોલિંગ આક્રમણ ભૂતકાળની સરખામણીએ નબળું દેખાઈ રહ્યું છે, પરંતુ તેની પાસે ટ્રેવિસ હેડ, મિચેલ માર્શ, ગ્લેન મેક્સવેલ અને માર્કસ સ્ટોઈનિસ જેવા મજબૂત બેટ્સમેનો અને ઓલરાઉન્ડરોની ફોજ છે. ઓસ્ટ્રેલિયાએ તેની છેલ્લી પાંચ મેચોમાં જીત મેળવી નથી, જેમાં પાકિસ્તાન સામે 0-3 અને ભારત સામે 1-2 થી મળેલી હારનો સમાવેશ થાય છે. બીજી તરફ, પોલ સ્ટર્લિંગની કેપ્ટનશીપ હેઠળ આયર્લેન્ડને તેની પ્રથમ મેચમાં શ્રીલંકા સામે 20 રને હારનો સામનો કરવો પડ્યો હતો. આયર્લેન્ડ તેની નવમી વિશ્વકપ ટૂર્નામેન્ટ રમી રહ્યું છે અને તેઓ 2009 અને 2022ના શ્રેષ્ઠ પ્રદર્શનમાંથી પ્રેરણા લઈ ઓસ્ટ્રેલિયા સામે મોટો ઉલટફેર કરવાના ઈરાદે મેદાનમાં ઉતરશે.

### આજે વેસ્ટ ઈન્ડિઝના પડકાર સામે ઈંગ્લેન્ડની કસોટી

મુંબઈ, તા. 10 (પીટીઆઈ): નેપાળ સામેની પ્રથમ મેચમાં માંડ-માંડ ઉલટફેરથી બચેલી ઈંગ્લેન્ડની ટીમ બુધવારે વેસ્ટઈન્ડિઝ સામે ટકરાશે. બંને ટીમો બે-બે વાર આ ખિતાબ જીતી ચૂકી છે અને હવે ત્રીજી વખત ચેમ્પિયન બનવા માટે સાતત્યપૂર્ણ પ્રદર્શન કરવા મથશે. નેપાળ સામે ઈંગ્લેન્ડનો માત્ર ચાર રને વિજય થયો હતો, જેમાં સેમ કરને અંતિમ ઓવરમાં શાનદાર બોલિંગ કરી મેચ બચાવી હતી. જોકે, આદિલ રાશિદ અને જોફ્રા આર્ચર મોંઘા સાબિત થતા ઈંગ્લેન્ડની બોલિંગ લાઈનઅપની નબળાઈ છતી થઈ હતી.

## સુડોકુ - ૧૮૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | ૯ | ૭ | | | ૩ |
| | | | ૧ | | ૨ | | | |
| ૨ | | | ૪ | ૩ | ૮ | | | ૫ |
| | | | | | | ૩ | | ૮ |
| ૩ | ૪ | ૭ | | | | | | |
| ૮ | ૨ | | | | | ૬ | | |
| | ૬ | | | ૮ | ૧ | ૭ | ૫ | |
| | ૯ | | ૭ | | | ૮ | ૩ | |
| | | ૮ | | | | | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૨ | ૯ | ૬ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૯ | ૩ | ૧ | ૮ | ૫ | ૪ | ૭ | ૬ | ૨ |
| ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૬ |
| ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૩ | ૯ | ૫ | ૨ | ૧ | ૮ | ૬ | ૪ | ૭ |
| ૧ | ૨ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ | ૩ | ૯ |
| ૨ | ૭ | ૩ | ૫ | ૬ | ૧ | ૮ | ૯ | ૧ |
| ૫ | ૧ | ૮ | ૭ | ૪ | ૯ | ૨ | ૭ | ૩ |
| ૪ | ૬ | ૯ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૬ |

૧૧૧૬-૭૬૭૭ ક્રિડ્સ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### લોહીનું ઊંચું દબાણ

આ રોગ થોડી આળપંપાળ માંગી લે છે. નમક, દારૂ, તંબાકુ, માનસિક પરિતાપથી દૂર રહેવું. રોજ કડવાં લીમડાના પાનનો 20g રસ પીવો.

## આજનું પંચાંગ

**તા. 11/02/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** મહા
**તિથિઃ** વદ: નોમ: 09:59 પછી દસમ, શ્રીરામદાસ નવમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 22 **યોગ :** વ્યાઘાત
**કરણઃ** વણિજ **નક્ષત્ર :** અનુરાધા: 10:53 પછી જન્મેલાની જ્યેષ્ઠાની શાંતિ કરાવવી
**સુરતમાં સૂર્યોદય :** 07:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:33
**નવકારસી :** 08:01
**પારસી વર્ષ :** 1395 શેહરેવર માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1447, શાબાન માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, ચલ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેદ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળઃ** બપોરે : 12:00 થી 13:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** આધ્યાત્મક અને ગૂઢ વિદ્યામાં મનને શાંતિ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આવક વધે.
**વૃષભ (બ,વ,ઉ,):** જાહેર અને સમાજજીવનમાં યશ મળે. રોજના કામમાં મદદ અને અનુકૂળતા વધે. રોજની આવક વધે.
**મિથુન (ક,છ,ઘ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. . સરકારી નોકરીની તક મળે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.
**કર્ક (ડ,હ,):** અચાનક કાર્ય સિદ્ધિ મળે. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. નવા આર્થિક રોકાણમાં લાભ.
**સિંહ (મ,ટ,):** ઘર , વાહન, જમીન, વારસા, મિલકતના શોધ થઈ શકે. અચાનક સફળતાથી ઉત્સાહ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** આત્મવિશ્વાસથી હાથમાં લીધેલ કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં મદદ મળે.
**તુલા (ર,ત,):** વાણી, બુદ્ધિ શક્તિ વ્યવહાર કુશળતાથી નવી તકો ઊભી થાય. ઉધરાણી આવે. નવા કામની શરૂઆત.
**વૃશ્ચિક (ન,ય,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશે. સમાજમાં જવાબદારી મળે. નોકરીમાં પ્રગતિ થાય. આવક વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** સેવાના કામમાં યશ મળે. બહારના કામનો બોજ વધે. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.
**મકર (ખ,જ,):** મિત્રોની મદદ સંતાનોના અભ્યાસ અને વિવાહ જેવા કામમાં મળે. નવા રોકાણથી લાભ થાય. આવક વધે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ધંધામાં આવક વધે. પ્રોપર્ટીના સોદા થાય. નોકરીમાં નવી જવાબદારી સાથે પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** બૌદ્ધિક કામમાં સફળતા મળે. વિદેશથી શુભ સમાચાર મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

### કોઈ પણ સાલમાં 11 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. હરીફો અને નવાં ફેરફાર તથા સરકારી નીતિથી દોડધામ અશાંતિ અને જવાબદારી વધે. ગુપ્ત ભય સતાવે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ઊંમરલાયકના વિવાહ થાય. આવક વધારવા અને સંતાનોનાં કામમાં મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડે. નવાં ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોની મદદ મળે. ઉધરાણીની ચિંતા સતાવે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. આરોગ્ય નરમ રહે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મ થાય. જૂન-જુલાઈ માસ, સોમ-ગુરુવાર, 2,11,20, 29 તારીખ વર્ષ દરમિયાન અનુકૂળ રહેશે. સફેદ, ક્રિમ અને સામાન્ય લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. જાન્યઆરી-ફેબ્રુઆરી તથા મંગળ-બુધવાર 5,8, તારીખ અને લીલો, ભૂરો, કાળો રંગ ટાળવો અને આ સમય યાત્રા પ્રવાસ ટાળવાની કોશિશ કરવી.

## શબ્દગુંફન - ૭૧૬૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. દેશને ખાતર પોતાનું બલિદાન દેનાર (૩)
૩. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
૬. મુસાફર (૩)
૭. નુકસાન (૨)
૯. મેળાપ (૩)
૧૦. મજા, આનંદ (૪)
૧૩. જૈન સાધુ (૨)
૧૪. છુટ્ટી, પરવાનગી (૨)
૧૫. આકાશ (૨)
૧૭. એક જાતનું ઝીણું કાપડ (૪)
૨૦. નગારાં બનાવનાર એક વ્યાત (૪)
૨૨. સાચું, વાસ્તવિક (૨)
૨૩. સુંદર સ્ત્રી (૨)
૨૪. પ્રકાશવાળું, જાહેર (૪)
૨૬. દબાવીને વશ કરવાની નીતિ (૫)
૨૮. પરાયું (૨)
૨૯. સૂર્ય (૨)
૩૧. અટકળ, ભાવતાલ (૨)
૩૨. ક્યારેક (૩)
૩૩. દુઃખ દેવું (૩)

**ઊભી ચાવી**
૧. નિશાન ઉપર બાણ તાકવું તે (૫)
૨. દયાળુ, દયાવાળું (૪)
૩. અનુકરણ (૩)
૪. ગમ્મત, વિનોદ (૩)
૫. યુક્તિ, આફત (૨)
૮. પર્વત (૨)
૧૧. વૃત્તાંત, હકીકત (૩)
૧૨. ચંચળ, અસ્થિર (૩)
૧૬. ભર્યુંભાદર્યું, આબરૂદાર (૫)
૧૭. હશે, છો ને, ભલે (૨)
૧૮. માલતીના પ્રકારની એક વેલ (૩)
૧૯. મસાલામાં વપરાતું સોડમવાળું એક બી (૨)
૨૧. આભને ભેદે એવું મોટું (૫)
૨૨. લેખ, દસ્તાવેજ (૨)
૨૪. માનસિક શક્તિની ઝલક (૩)
૨૫. સ્કવાહિની (૨)
૨૭. વિષ, ઝેર (૨)
૨૮. કવિતા (૨)
૩૦. ફારૂખ શેખ - પૂનમ ઢિલ્લોનની એક ફિલ્મ (૨)
૩૧. શરીર ઉપરનો નાનો વાળ (૨)

૭૧૬૭ - ૨૬૬૭ મ્ક્રીઓકાર

# અનુસંધાન ... પાના પહેલાનું

### અવિશ્વાસ પ્રસ્તાવની...

સંભાળશે નહીં, તેમ મંગળવારે સૂત્રોએ જણાવ્યું હતું. બંધારણની કલમ 96 અલગથી ઉલ્લેખ કરે છે કે, જ્યારે સ્પીકર અથવા ડેપ્યુટી સ્પીકરને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ વિચારાધીન હોય, ત્યારે તેઓ ગૃહની બેઠકનું અધ્યક્ષપદ સંભાળી શકતા નથી. જો લોકસભામાં આ પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવે, તો બિરલા પાસે ગૃહમાં પોતાનો બચાવ કરવાનો બંધારણીય અધિકાર છે. દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે તેમણે લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહને વિપક્ષ દ્વારા તેમને પદ પરથી હટાવવા માટે આપવામાં આવેલી નોટિસની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

### નોટિસ પર ૧૨૦...

નોટિસ સુપરત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નોટિસ પર વિપક્ષના લગભગ 120 સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે, જેમાં કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી, ડાબેરી પક્ષો અને આરજેડીના સભ્યો સામેલ છે. શિવસેના (UBT) અને એનસીપી (SP) એ પણ નોટિસ પર સહી કરી છે. જો કે, તૃણમૂલ કોંગ્રેસ (TMC) આ નોટિસમાં હસ્તાક્ષરકર્તા નથી અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી.

### રાહુલે નરવણેની...

ગાંધીએ કહ્યું કે તેઓ પેંગ્વિન કરતા પૂર્વ આર્મી ચીફના શબ્દો પર વધુ વિશ્વાસ કરે છે. ગાંધીએ વધુમાં ઉમેર્યું, પેંગ્વિન કહી રહ્યું છે કે પુસ્તક પ્રકાશિત થયું નથી. પુસ્તક એમેઝોન પર ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પુસ્તકના અવતરણો રાહુલને સંસદમાં ટાંકવા દેવાયા ન હતા.

### બાંગ્લાદેશમાં 62 વર્ષીય...

છે, જેઓ ભાઈ ભાઈ એન્ટરપ્રાઈઝના માલિક હતા અને દક્ષિણકાંડા ગામના રહેવાસી હતા. હોસૈને વધુમાં જણાવ્યું કે હુમલાખોરોએ ધારદાર હથિયાર વડે સરકાર પર હુમલો કર્યો હતો અને તેમને દુકાનની અંદર છોડી દઈ શટર બંધ કરી દીધું હતું. જ્યારે સરકારનો પરિવાર તેમને શોધી રહ્યો હતો, ત્યારે દુકાનનું શટર ખોલતા તેઓ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક મૈમનસિંહ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પુત્ર સુજન સરકારે જણાવ્યું કે અમે લાંબા સમયથી ચોખાનો વ્યવસાય કરીએ છીએ. અમારી